ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.

Date: 30ty April, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,

.............................................,
ભાવનગર.

## બાળપણને પોતાની ઈચ્છા મુજબ ખીલવાનો સુવર્ણ સમયને પ્રોત્સાહિત કરવા
### કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
## દેસાઈનગર અને તેની આજુબાજુના વિસ્તારના બાળકો માટે શ્રી વિદ્યા વિહાર માધ્યમિક શાળા ખાતે દ્વિ-દિવસીય વેકેશન વર્કશોપ યોજાયેલ

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં સાયન્સ (વિજ્ઞાન), ટેકનોલોજી, એન્જીન્યરીંગ અને મેથ્સ (ગણિત) અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨ થી કાર્યરત છે.

વેકેશન સમય એટલે બાળપણને પોતાની ઈચ્છા મુજબ ખીલવાનો સુવર્ણ સમય. શાળા સમય દરમિયાન ભણવામાં આવતા પ્રયોગો અને એ પ્રયોગોમાંથી પણ બાળકના દિમાગમાં બનતું નવું ટીખળ રજાઓના સમયમાં બહાર આવે અને બાળકો સતત પ્રવૃતિશીલ રહે તેવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.

બાળકો દ્વારા થતી નવી નવી અવનવી શોધો અને ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી જેવા વિષયો અને તેને સિદ્ધાંતોને વાસ્તવિક રીતે ઊંડાણપૂર્વક પ્રાયોગિક જ્ઞાન દ્વારા સમજાવી શકાય તેવા હેતુ દેસાઈનગર, હાદાનગર, ચિત્રા વગેરે વિસ્તારના બાળકો માટે શ્રી વિદ્યા વિહાર માધ્યમિક શાળા, દેસાઈનગર, ભાવનગર ખાતે દ્વિ-દિવસીય વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા બાળકો માટે રોકેટરી વર્કશોપ દ્વારા પાયાના સિદ્ધાંતો, તકનીકી કૌશલ્ય અને લોન્ચિંગ સહિતની પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. જયારે બીજા દિવસે કાગળમાંથી બનતી અને રોજીંદા જીવનમાં કામ આવે તેવી વિવિધ વસ્તુઓ અને વિવિધ પ્રકારના પ્લેન બનાવી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ દ્વિ-દિવસીય વર્કશોપમાં બાળકોએ ગમ્મત સાથે જ્ઞાનને આત્મસાધ કર્યું હતું. આ દ્વિ-દિવસીય કાર્યશાળામાં કુલ ૧૭૦ જેટલા બાળકો અને શિક્ષકોએ ઉત્સાહભેર જોડાયેલ.

30-04-2022
(હર્ષદ જોષી) 12:30 pm
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar